આત્યંતિ કલ્યાણનું દિગ્દર્શન લેખક સંપાદક અને સંશોધક શાસ્ત્રી હરિજીવનદાસ(ન્યાય–વ્યાકરણ–વેદાન્તાચાર્ય)

સંવત ૨૦૧૪માં "આત્યાંતિક કલ્યાણ" નામનું પુસ્તક ૬૫૩ પેજમાં અમદાવાદ ડાયમંડ જયુ બિલી પ્રિન્ટિગ પ્રેસમાં યદ્ધા તદ્ધા છપાઈને બહાર પડયું છે. **તત્વથી વિચાર કરીએ તો " નાર્ત્યંતિક કલ્યાણ અથવા આત્યંતિક અકલ્યાણ છે" કારણકે રામકૃષ્ણાદિ તથા મત્સ્ય કૂર્માદિઅવતારો કે જે પરંબ્રહ્મ પરમાત્મા નારાયણનાં અભિન્ન તત્વ સજાતીય દિવ્યરૂપાંતરો હોઈને સમગ્રગુણ ઐશ્વર્ય શકિતથી પરિપૂર્ણ ધ્યેય આત્યંતિક કલ્યાણકારી છે. તેઓને જીવાદિ અત્યંત તુચ્છપદે ઉતારી પાડવાની અત્યંત અકલ્યાણકારી આસુરી પ્રવૃત્તિ પદે પદે કરવામાં પાછો પગ ભર્યો નથી-માઝા મુકી દીધી છે. જેમ સપ્ત આવરણો બ્રહ્માંડ અને પરંપદ વચ્ચે ગોઠવ્યાં છે. તેમ સપ્ત આવરણો અવતરી મૂળ પરમાત્મા અને અવતારો વચ્ચે ગોઠવ્યાં છે. (વિવેચન આગળ આવશે) આ પુસ્તકમાં બોચાસણીયા માન્ય ગુણાતીત જ્ઞાન અને અબજીભાઈના જ્ઞાનનો ભંડોળ (ખીચડો) સેળ ભેળ કરવામાં આવ્યો છે, અને તેમાં ગુણાતીતાનંદજીના નામથી ગુંથાએલી અને અબજીભાઈના નામથી ગુંથાયેલી રહસ્યાર્થ દીપિકા અને તેમના નામે ગુંથાયેલી કાઢેલી ગપોળીયા ગામઠી અવતાર દ્રોહી, શાસ્ત્ર શત્રુ વાહીયાત, મનઃ કલ્પિત પરસ્પર વિરૂદ્ધ વંઠેલ વાતોને પરમ પ્રમાણ તરીકે લેવામાં આવી છે. એમ કરીને સંપ્રદાયના મુખ્ય માન્ય શ્રીજીકૃત શિક્ષાપત્રી, સત્સંગિજીવન, વચનામૃત વિગેરે પ્રાચીન પ્રબંધોનો અત્યન્ત અનાદર કરવામાં આવ્યો લવલેશ પણ અનુસંધાન રાખ્યુ નથી. કોઈ સ્થળે મુખ્યગ્રંથોનું કોઈ વાકય લીધુ છે તો તેના અત્યંત અવળા અર્થો કર્યા છે. કશી સંગતિ નથી પ્રકરણો પ્રથક્ પ્રથક વિષયવાર પાડયાં છે. છતાં વળી વળીને અવતારોનું ખંડન-ભંડન-કંડન કરવામાં પર્યવસાન લાવ્યા છે જાણે પ્રાદુર્ભાવોના પરિદ્રોહ, માટેજ પ્રબન્ધ ગોઠવ્યો હોય એવી જ બધી બલવંત પીઠિકા ગામઠી ઠેકાણે ઠેકાણે ગોઠવવામાં આવી છે. શિક્ષાપત્રી શ્લોક ૨૯માં શ્રીકૃષ્ણ અને તેમના અવતારોનું ખંડન કુયુકિત જાળથી ન કરવાનું શ્રીમુખે કહયું છે. એજ અ કાર્ય આત્યંતિક અકલ્યાણકારી દુરાગ્રહથી કરવામાં આવ્યું છે. વળી આ પામર પ્રબન્ધમાં સ્વામિનારાયણ એ મંગળનામનો અર્થ જેમાય આચાર્યો અને મહામુનિઓએ કર્યો છે. તે થકી અત્યંત અવળો ઉટાંગ આ અર્થ સ્વામિનારાયણ નામનો દ્રોહ કરવામાં આવ્યો છે. કે જે બધા જ બંડીયાયે માનેલો છે.**

વળી આમાં ઝીણી ઝીણી બાબતોને ખણી ખોતરીને ત્યાગી માત્રને હલકા પાડવાની પુષ્કળ પ્રવૃત્તિ કરવામાં ખામી રાખી નથી. આ અવતારાપરાધી ત્યાગી અવગુણ પામર પુસ્તકના કર્તા પુરાણી નંદકિશોરદાસજીને અડાવ્યા છે. તે તો નામના પુરાણી અને નામના ગ્રંથ કર્તા છે. એમનો આ વિષય

નથી. અને શકિત પણ નથી. એમણે કચ્છની લીલાનો સંગ્રહ આ ગ્રન્થમાં લખેલો તે તદ્દન કાઢી નાંખવામાં આવ્યો છે. એ ગ્રંથ ભૂજ મંદિરમાંથી છપાવ્યો નથી. ભૂજનાં મહંત શાસ્ત્રીજી છે. તેમના હસ્તક શોધાયો નથી. ઘણા પુસ્તકો ભૂજમંદિરથી છપાવ્યા છે તો પછી આ પુસ્તક જો પ્રામાણિક હોય તો ભૂજવાળા કેમ શોધી છપાવે નહિં એટલે ખરૂં કહીએ તો એ પુરાણીનું ફકત નામજ અડાવેલુ જણાય છે. આ ગપોળ ગ્રંન્થની આખી ગોઠવણી કરનારા તો મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા વકીલ કે જે ઉમરેકના પ-ભ-નાથજીભાઈ શુકલના શિષ્ય હોઈને તેમના મંડળના મુખી છે. અને ભોળા આચાર્ય સ્થાનમાં અગ્ર કાર્યકર્તા છે. એટલે આખી જવાબદારી અને જોખમદારી એ ભાઈની ભારે છે. વાંચો પુરાણીકૃત નિવેદનનું પાન-૧૦ "ઘ.ધુ.આચાર્ય મહારાજશ્રીએ ભ. મણીલાલ ભાલજાને પ્રેરણા કરી તથા આજ્ઞા આપી આ ગ્રંન્થનું સંશોધન કરાવ્યું ન હોત તો મારો હસ્ત લીખીત ગ્રંન્થ આવુ પ્રકાશન ન જ પામ્યો હોત. ઘ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મારા ઉપર આવી દયા કરી તે માટે તેઓશ્રીનો અત્યંત રૂણી છું. ને ઘ-ધુ આચાર્ય મહારાજની આજ્ઞાથી પ-ભ-મણીલાલ ભાલજાએ ઘણો જ પરિશ્રમ લઈ મારો હસ્ત લીખીત ગ્રંન્થ સંશોધન કરી આપી છપાવડાવ્યો, તે વાસ્તે હું તેમના ઉપર ઘણા જ રાજી થયો છું. અને દેવઆચાર્ય સંત હરિભકતો સર્વે એમના ઉપર પ્રસન્ન રહે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરૂં છું વિગેરે " ..... સહજાનંદદિક્નામના વિજય ના માસિકના વિશેષાંકમાં પેજ ૨૧૯ થી ૨૨૨ સુધીના પેજમાં પુરાણીજી અને વકીલનો ફોટો મુકીને ગ્રંન્થની દિવ્ય પ્રશંસા કરવા પૂર્વક તેના કર્તા પણાનું વિવેચન કર્યું છે. વળી આ ગ્રન્થના પુઠા ઉપર પ્રથમજ " શ્રીહરિજી" એવો ટ્રેડ માર્કો લખ્યો છે. તે નાથજીભાઈના મંડળનો પેટેંટ હોવાથી તેમના મંડળનુ જ આ પુસ્તક છે એમ ચોખ્ખું ખુલ્લું સાબીત થાય છે. આ અવતાર દ્રોહી ત્યાગિ અપરાધી શાસ્ત્રશત્રુ પામર પુસ્તકને કોઈપણ પોતાના વિદ્વાનને બતાવી વંચાવ્યા વિના ફકત એક મણીલાલની ખટપટથી છપાવવાની આજ્ઞા આપનારા ઘ.ધુઆચાર્ય શ્રી દેવેન્દ્ર પ્રસાદજી મહારાજ કે જે સંપ્રદાયના ધર્મ અને તત્ત્વજ્ઞાનના જવાબદાર અને જોખમદાર છે. વળી આ કલ્પિત પુસ્તક તેમને અર્પણ કરવામાં આવ્યુ છે. અને પુનમુર્દ્રણાદિ સર્વ હકકો કાયદેસરના તેમને સમર્પણ કરવામાં આવ્યા છે. અને તેમનો ફોટો પણ અર્ધાંગ મુકવામાં આવ્યો છે. વળી આ આચાર્ય નામાંકિત મોનોગ્રામ પણ પ્રથમ પેજ ઉપર મુકવામાં આવ્યો છે. આ ઉપરથી એ પણ ખરા જવાબદાર સાબીત થાય છે. આ રીતે આ ત્રિગુણી-ત્રિપૂવી ત્રિપૂટી ત્રિકુટી ગ્રંન્થની જવાબદારી અને જોખમદારી છે.

<u>હવે ઉપરોકત બાબતનું દિગ્દર્શન કરાવવામાં આવે છે.</u>

આ પ્રલાપ પૂર્ણ પુસ્તકમાં પાના ૩૮૭ ઉપર " આજ ન્યાય (પ્રવેશ્ય પ્રવેશક વ્યાપ્ય વ્યાપક) અવતારોની બાબતમાં ને મુકતો ની બાબતમાં લાગુ પડે છે. અવતારો અને મુકતોમાં પુરૂષોત્તમનો પ્રવેશ હોય ત્યારે "પુરૂષોત્તમ હું છું" એમ કહે છે. દાખલા તરીકે શ્રીકૃષ્ણ ભગવને ભગવદ્ ગીતા અધ્યાય ૧૫ શ્લોક ૧૮માં કહયું ' ક્ષર થકી પર અને અક્ષર થકી ઉત્તમ છું ' તેથી લોકો માં અને વેદમાં હું પુરૂષોત્તમ નામે પ્રસિદ્ધ છું. એટલે હું જ પુરૂષોત્તમ છું. નડીયાદ પાસે પીજ ગામનાં આવલબાઈ હતાં. તેમનામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રવેશ હોય ત્યારે "હું સ્વામિનારાયણ છું હું સહજાનંદસ્વામી છું. સર્વનો અંતર્યામિ છુ. એ પ્રમાણે બોલ્યા કરે . તે પ્રસંગ અનાદિમુકત સ.ગુ. નિષ્કુળાનંદસ્વામીએ ભકત ચિંતામણિ ગ્રંથના પરચા પ્રકરણમાં આમ વર્ણવ્યો છે." વળી "પૈજ નામે એક ગામ, કણબી ભકત અવલ એનું નામ, સાંખ્યોગી પાળે વર્તમાન, ભજે પોતે પ્રગટ ભગવાન, ધરે ધ્યાન તે પ્રગટ તણુ તેણે કરી ભૂલી પોતા તણું, ભૂલી તન બોલી બદલાણી, કહે સેવો મને સ્વામી જાણી, વળી પુછો જે પુછવું હોય, મને સંશય વળી રાખશો માકોય, કહે હું સહજાનંદસ્વામી, સર્વેનો છું અંતરજામી, એમ કહી પછી માંડયું કહેવા, જેને મને હતાઘાટ જેવા" આ રીતે મૂળ અવતારી પરમાત્મા અને તેમનાં સાક્ષાત્ સજાતીય દ્વિતીય દિવ્ય રૂપાંતરભૂત અવતારો વચ્ચે પ્રવેશક પ્રવેશ્ય ભાવ વર્ણવીને અવતારોને સાવ નીચે જીવાદિ તુચ્છ પદે ઉતારી ઘકાવી પાડવાની પ્રચંડ અવળ ચંડાઈ અત્યંત અકલ્યાણકારી કરી છે. જેમ કોઈમાં ભૂતનો પ્રવેશ થાય છે. તે ગમે તેમ બોલે અને ક્રિયાને કરે અને પછી ભૂત નિકળી જાય ત્યારે પૂર્વે હતો તેવોને તેવોજ થઈ જાય છે. તેમ રામકૃષ્ણાદિ અવતારોમાં અન્ય ઉપરી સ્વામિનારાયણનો પ્રવેશ થાય છે. અને પછી કાર્ય કરીને નિકળી જતાં જેવા પૂર્વે અવતારો હતા તેવા જ તે કાષ્ટ લોખંડ જેવા થઈ રહે છે. એટલે અવતારો એ ભૂતાવાસ જેવો છે. પણ સ્વયં પરમેશ્વર કે તેમના સાક્ષાત્ અવતાર ગુણ શકિત પરિપૂર્ણ નથી. એવુ આ પામર પુસ્તકમાં પ્રલપન કર્યું છે. સંપ્રદાયના સ્વ્છાસ્ત્રોતો " अजोऽपिस... संभवाम्यात्म मायया" "तदात्मानं सृजाम्यहम्"आत्मीयेनैवः रूपेण जज्ञे हरिः स्वयंम्" ईत्यादिप्रमाणोने પરિગ્રહીને સ્વયં અવતાર ભાવને પ્રતિપાદન કરે છે. જે જે સ્થળે અવતાર ભાવનું નિરૂપણ કરવામાં આવે છે ત્યાં ત્યાં પ્રથમ મૂળપરંબ્રહ્મ પરમાત્માને અનેક યોગ્ય સંભવિત વિશેષણો થી વર્ણવીને તેમનાજ અવતાર ભાવને અભિન્નરૂપે વર્ણવે છે. એમાં કોઈ જીવેશ્વરાદિકની સંન્નિધી લેવામાં આવતી નથી. આતો અવતાર માત્ર માટે સામાન્યરીતિ ખરી અખ્ત્યાર કરવામાં આવી છે. એમ કરવાનું ખરૂં કારણ તો અવતાર અવતારી વચ્ચે સ્વરૂપ રૂપ ગુણાદિકથી લેશ પણ ભેદ નથી.

એમ સમજાવવા માટે છે. આ પ્રવેશ્ય પ્રવેશકભાવ એક શ્રીકૃષ્ણને વર્જીને વર્ણવ્યા હોત તો ક્ષણભર પણ ઠીક હતુ. પરંતુ શ્રીકૃષ્ણ શ્રીહરિસ્વરૂપ વચ્ચે જે આ ભાવ વર્ણવ્યો તે અત્યંત અસંભવિત અનન્વિત અત્યંત અઠીક છે આનુ નામ જ " કહયુ કંઈક અને સમજયા કશુ. આખનું કાજળ કપોળે ઘસ્યુ ખરેખર કહેવાય".

હવે શ્રીકૃષ્ણ ભગવાન કે જેમને ઉદ્ધવ સંપ્રદાય સિદ્ધાંતે શિક્ષાપાત્રીમાં શ્લોક ૧૦૭ થી અંતર્યામિ સર્વકર્મફળપ્રદ સર્વેશ્વરનું મૂળ અવતારી સ્વરૂપ વર્ણવીને એ સર્વેશ્વર કોણ ? તો તે શ્રીકૃષ્ણ પરબ્રહ્મ ભગવાન પુરૂષોત્તમ સર્વાવિર્ભાવ કારણપણે વર્ણવીને તેમની ખરી ઓળખાણ માટે ઉપાસ્ય ઈષ્ટદેવપણે શ્રીકૃષ્ણને સમર્થન કર્યા છે. એમ શ્રીકૃષ્ણને પરંબ્રહ્મ પરમાત્મા સર્વાવિભાવકારણ પૂરૂષોત્તમપણે ૧૦૮ શ્લોકમાં પ્રતિપાદિને એજ શ્રીકૃષ્ણને રાધાના યોગથી રાધાકૃષ્ણ અને લક્ષ્મીના યોગથી લક્ષ્મીનારાયણ અને નરના યોગથી નરનારાયણ એવા એવા ભિન્ન નામે કહેવાય છે. એમ સળંગ એકતાને યત્તત્ શબ્દથી નિરૂપીને છેવટે શ્લોક ૧૧૨માં એમના સ્વરૂપમાં સર્વથા ભેદ નહિ જાણવાનો (અભેદ) કહે છે. એટલે મૂળ અંતર્યામિ પરંબ્રહ્મ પરમેશ્વર શ્રીકૃષ્ણ અને તેમના નરનારાયણ લક્ષ્મીનારાયણાદિક રૂપોમાં તત્ત્વથી સર્વથા અભેદ જાણવાનો ઉઘાડા શબ્દોમાં કહે છે વળી શિક્ષાપત્રી મંગળ શ્લોક. ૧ માં રાધાલક્ષ્મી વિશિષ્ટ વૃંદાવન વિહારી શ્રીકૃષ્ણને ધ્યેય પણે પ્રતિપાદન શ્રીમુખે કર્યા છે. શ્રીકૃષ્ણ અને તેમના અવતારો અને તેમની પ્રતિમાઓનું ધ્યાન કરવાનું કહે છે. છેવટે તનોતુ કૃષ્ણોઽખિલમંગલંનઃ એમ શ્રીકૃષ્ણ પ્રતિ મંગળ પ્રાર્થના કરવાની કહે છે.

શિક્ષાપાત્રી ટીકામાં પુરૂષોત્તમપદનું વ્યાખ્યાન ગીતાના યસ્માત્ક્ષરમતીતો...
આ શ્લોકનું પ્રમાણ લઈને કરવામાં આવ્યું છે. એમાં ક્ષર(સર્વભૂતો) અને અક્ષર (મુકતાત્માઓ) એ પુરૂષો થકી સ્વરૂપ સ્વભાવાદિ સર્વપ્રકારે પરમોત્તમ હોવાથી શ્રુતિ સ્મૃતિમાં પુરૂષોત્તમ પણે પ્રતિપાદન કર્યા છે. આવા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ પુરૂષોત્તમને જીવાદિ પામરપદે ઉતરી પાડવા એ અવતારોનું કુયુકિત જાળથી ખંડન કર્યું કહેવાય, વળી લોયા વચનામૃત -૭"'ત્યારે નિત્યાનંદસ્વામિએ કહયુ જે જે ભગવાનના સ્વરૂપને વિષે ઈન્દ્રિઓ અંતઃકરણ અને અનુભવ એ ત્રણેય પુગે એવા ભગવાનના સ્વરૂપને જ્ઞાને કરીને મોક્ષ થાય એમ કહીએ છીએ" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે એવા જે ભગવાન તે તો શ્રીકૃષ્ણ છે તે પોતે પોતાને એમ કહે છે જે યસ્માક્ષરમતીતોઽહમક્ષરાહરિચોત્તમ। અતોઽસ્મિ લોકેવેદે ચ પ્રથિતઃ પુરૂષોત્તમઃ (ગીતા અ-૧૫ શ્લોક ૧૬) તથા પંચાળાના વચનામૃત ૬ તથા પોતે શ્રીકૃષ્ણ કહયુ જે યસ્માત્ક્ષરઃ ... એવી રીતે પોતે પોતાનું પુરૂષોત્તમપણું જણાવ્યુ. " આ રીતે શ્રીકૃષ્ણને પરબ્રહ્મ પરમાત્મા પુરૂષોત્તમપણે શ્રીમુખે નિરૂપ્યા છે. તથા શિક્ષપત્રી શ્લોક ૧ તથા

૧૦૮ની ટીકામાં 'कृष्णस्तुभगवान् स्वयं' 'श्रुत्वाकृष्णंपरब्रह्म' ઈત્યાદિ પ્રમાણોને પરિગ્રહીને શ્રીકૃષ્ણનું પરંબ્રહ્મપણું અને ભગવાન પણું અને સર્વ અવતાર ધર્તાપણું પ્રતિપાદન કર્યું છે. શિક્ષાપત્રીનો આરંભ શ્રીकृष्णं हृदि चिन्तये, સત્સંગીજીવનનો આરંભ શ્રીकृष्णायनमस्तस्यै વૃચનામૃતનો આરંભ "ગોલોકેના મધ્યને વિષે અક્ષરધામ છે. તેમાં શ્રીકૃષ્ણભગવાન વિરાજમાન છે. એ ત્રણેય મુખ્ય માન્ય ગ્રંન્થોનાં આરંભમાં ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ પુરૂષોત્તમને સંબોધ્યા છે. વળી 'रामकृष्णगोविन्द' એવી ધૂન તથા 'श्रीराधिकाकृष्णमहनमामि' એવી પ્રાર્થના નિત્ય સર્વેને કરવાની કહી છે. વળી વસુદેવસુત શ્રીકૃષ્ણ એજ ધર્મસુત સ્વામિનારાયણ રૂપે ફરીથી પ્રાદુભવ્યા છે. એવો આખો સાંપ્રદાયિક ઉપોદ્ઘાત શાસ્ત્રીય છે જુઓ શિક્ષાપત્રી શ્લોક ૧૦૮ની ટીકામાં "'यः साक्षात्क्षराक्षरपरः कृष्णः स एव स्वयम्। भक्तौ धर्मतः आसभूरिकृपया श्री स्वामिनारायणः આ શ્લોકથી સર્વથા અભિન્નતા સુદ્રઢ કરી છે. વચનામૃત મ.૬૪ 'એવી રીતે પરોક્ષ પણે પોતાના પુરૂષોત્તમપણાની વાર્તા શ્રીજી મહારાજે કરી તેને સાંભળીને સર્વે હરિભકત એમ જાણતા હવા જે એજ જે શ્રીકષ્ણાપુરૂષોત્તમ તેજ આ ભકિતધર્મના પુત્ર શ્રીજી મહારાજ છે' તથા વડતાલ ૧૮ 'અને પાંચમાં આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણભગવાન તેમને જાણવા અને સ્થાનક સેવક અને કાર્ય તેને ભેદે કરીને તે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓનું બહુપણું છે તેને જાણવું... અને પરોક્ષરૂપ ને પ્રત્યક્ષરૂપ તેને જાણવા તેમાં પરોક્ષરૂપ તે કેવી રીતે તો માયાના તમથકીપર એવા જે ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણભગવાન રહયા ... ને રાધિકાજી ને લક્ષ્મીજીએ સહિત છે.. એવી રીતે પરોક્ષપણે ભગવાનનું સ્વરૂપ કહયુ (પ્રત્યક્ષ તો ભૂતળમાં વર્તતુ નરકાર જાણવું)... એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુને સત્સંગી તે એમ સમઝતા હવા જે એ પરોક્ષ શ્રીકૃષ્ણ ભગવાન કહયા તેજ આ ભકિત ધર્મના પુત્ર શ્રીજી મહારાજ છે પણ એ થકી પર કોઈ નથી. અને એજ આપણા ઈષ્ટદેવ છે ને ગુરૂપણ એજ છે સ.પ્ર.૧ અ.૧૮ "अतोऽहमेव અ.૨૨ गोलोकवक्षरधाम्नि અ-૩૯ उपसनां यस्य न त्वंहिसाक्षात्परंब्रह्म અ-૪૯ गोलोकसंस्थाक्षर दिव्यधाम्नि પ્ર-૨ અ.૫, परमेश्वर एवायं અ.૩૧ सिताम्बरं પ્ર૪ અ-૩૫ नारायण अवतारोऽयम" આ પ્રમાણે શ્રીહરિની તત્ત્વથી શ્રીકૃષ્ણ સાથે અભિાન્નતા સુસ્પષ્ટ સમજાવી ઉપર વર્ણવિલા પરંબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ અને તેથી તત્ત્વતઃ અભિન્ન શ્રીહરિ વચ્ચે પ્રવેશ્ય પ્રવેશક ભાવ માનવો તે કોઈ રીતે શાસ્ત્ર સંગત ન હોઈને તદ્ન કપોળ કલ્પિત ઉધંગ છે. જયારે પ્રવેશ્ય પ્રવેશક ભાવ તે બન્ને વચ્ચે માન્યો તો વ્યાપ્ય વ્યાપક ભાવ નિયામ્ય નિયામક ભાવ ધાર્ય ધારકભાવ અને સેવ્ય સેવકભાવ ઈત્યાદિ ભાવો પણ આપો આપ આવેજ, જેમ જીવાત્મા અને દેહવચ્ચે એવા ભાવો છે તેમ અવતારી અને અવતાર વચ્ચે એવા ભાવો આવે તો અવતારોની દુર્ગતિ જીવાદિ જેવીજ થઈ જાય.

= ગીતાનો ઉપદેશ તો સ્વામિનારાયણના જન્મ પહેલાં બહુકાળે થયો છે. અને સ્વામિનારાયણનો જન્મ તો બહુ પછી થયો છે. એટલે એ આ બાબત સંભવતી આવે કે કેમ ? એ વિચારવા જેવુ છે. કદાચ શ્રીહરિને અનાદિ અને શ્રીકૃષ્ણને આદિ માને તો સંભવતી આવે પરંતુ આ વાતને કોઈપણ માની શકે ખરા? બીજુ ગીતામાં "मत्तः परतरं नान्यत् अहं

कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा" "सर्वस्यचाहं हृदिसन्निविष्टः" ઈત્યાદિ સઘળાં શ્રીકૃષ્ણની પરંબ્રહ્મતાને પ્રતિપાદનારા ચોખાં વચનોમાં પણ એવોજ અર્થ કરવો પડે એટલે સંગ્રામ સમયે ગીતાનામથી જે કાંઇ બોલ્યા છે. અને કર્યું છે. તે અન્ય સ્વામિનારાયણના પ્રવેશથી એમ કહેવુ પડે. એટલે આ ગીતા ખરી રીતે સ્વામિનારાયણની કહેવાય. પણ શ્રીકૃષ્ણ ભગવાનની નહિ. આ વણસેલ વાતને કોણ આસ્તિક માનશે?

ભગવદ્ગીતા ઉપર મોટા મોટા શંકર રામનુજ માધ્વ વલ્લભ વિગેરે આચાર્યો અને બીજા બહુ વિદ્વાનોએ વિદ્વત્તા પૂર્ણ વેદાંન્તાનુસારી ભાષ્યો ટીકાઓ વિવરણો વિગેરે સમાસ વ્યાસથી કર્યાં છે. તેમાં કોઈમાં પણ કોઈએ એવો બંડિયો ખંડીયો ખુણીઓ કૃષ્ણદ્રોહી ગીતા, દ્રોહીઓ અર્થ કર્યો નથી બીજા પરોક્ષની વાતોને બાજુ પર મુકો આ સંપ્રદાયના પ્રત્યક્ષમનાતા પરમાચાર્ય શ્રીહરિ તથા પ્રથમાચાર્ય રઘુવીરઆદિ આચાર્યો અને મુનિમુખ્ય નંદ-ગોપાળાનંદ-નિત્યાનંદ શુકાનંદ વિગેરે કે જેમને આનાદિ સિધ્ધ મહામુકત કહેવામાં આવે છે તેમણે ગીતા ઉપર ભાષ્ય ટીકાઓ વિવરણો સંસ્કૃત પ્રાકૃત કર્યાં છે. તેમા કોઈમા પણ એવો કૃષ્ણદ્વેષિ બંડાર્થ ઉટાંગ ઉભાંડગ કર્યો નથી. પરંતુ. "यस्मात्क्षर... सर्वस्यचाअहं... मतः परतर... उत्तमः पुरूषस्त्वन्यः... कृष्णस्तु भगवान स्वयम् " ઈત્યાદિ વચનોને પ્રમાણ તરીકે લઈને શ્રીકૃષ્ણનું પરંબ્રહ્મ પરમાત્મા પુરૂષોત્તમ પણું ઉદ્ઘોષીને અત્યાદરથી નિરૂપ્યુ છે કિંબહુના આખુ આસ્તિક જગત રામકૃષ્ણાદિ અવતારોને પરંબ્રહ્મ પરમાત્માના સાક્ષાત્ સ્વરૂપો સમજીને ભજે છે. આ બધી આખા જગતની માન્યાતાને પણ આ પામર પુસ્તક ઠોકરે ચઢાવે છે અને ભગવદ્ગીતા કે જેનું જગતમાં સર્વોપરિ માન છે. અને તેની મંદિરો કરીને મૂર્તિ પ્રતિષ્ઠા સુધીની માન્યતા ચાલે છે. તે સર્વ માન્ય ગીતાનું પણ અવળા અર્થો કરીને આપમાન કરે છે તે શું આસ્તિક જગત સહન કરી શકશે ? આ પામર પુસ્તકમાં મહિમાનુ મિથ્યા મિષ લઈને ગીતોપદેષ્ટા શ્રીકૃષ્ણ અને ગીતાને પણ અત્યંત અપમાને છે. આમાં સર્વવ્યાપી સર્વાત્મભૂત સર્વેશ્વરનું માનતો બીલકુલ ભુલી જવામાં આવ્યું છે. બધા આટાટોપ બહારનો અનુપયોગી કરવામાં આવ્યો છે.

જયારે સ્વયં શ્રીહરિ અને તેમના મુકત મુનિઓ શ્રીકૃષ્ણની પરંબ્રહ્મ પુરૂષોત્તમતા અને તેમની સાથે ભગવાન શ્રી હરિની અભિન્નતત્ત્વતા સાર્વાંશે સપ્રમાણ સયુકિત સમર્થે છે. ત્યારે તેમના વચનદ્રોહીઓ તેમની સામે બહારવટુ કરવા બહાર પડેલા બંડીયાઓ શ્રીકૃષ્ણને જીવાદિ નીચે પદે ઉતારી પાડવા તેમની વચ્ચે મોટો ભેદ પરમાત્મા જીવાત્મા જેવો

પાડવા આસુર જાલમાં જલ્પના કરી રહ્યા છે અને શાસ્ત્રશત્રુ તેવી ઉટાંગ વંઠેલ વાહિયાત વાતોને ગોઠવતા જાય છે. પ્રવેશ્ય પ્રવશેક ન્યાય તો જીવાત્મા પરમાત્મા વચ્ચે સંપ્રદાયના આચાર્ય રામાનુજાચાર્યે શ્રીભાષ્યાદિકમાં સમવ્યો અને એજ અભિપ્રાય સંપ્રદાય મતે સ્વિકાર્યો છે. તે ન્યાય અવતારમાં ઘટાવી શકાય નહી, આ ન્યાય ન કહેવાય. પણ ઉઘાડો અન્યાય કહેવામાં આ અપન્યાય જો બીજા કોઈ અવતારોમાં લીધો હોય તો ક્ષણભર કાંઈક અંશે ઠીક હતું પરંતુ શ્રીહરિના પૂર્વરૂપ ઉપાસ્ય ઈષ્ટદેવપણે માનેલા શ્રીકૃષ્ણને વિષે ઘટાવા ગયા છે તે બિલકુલ સંગત સમન્વિત સંભવિત નથી.

શ્રીકૃષ્ણમાં સ્વામિનારાયણનો પ્રવેશ ઘટાવવા માટે પીજની અવલબાઈનો દાખલો આપ્યો છે. તેનો વિમર્શ કરીએ –સ્વરૂપ, રૂપ ગુણ વિભૂતિ વિગેરે સર્વપ્રકારે અભિન્ન શ્રીકૃષ્ણ શ્રીહરિ વચ્ચે અત્યંત ભેદ જણાવવા માટે પીજની અવલબાઈનો દાખલો આપ્યો છે તે સંપ્રદાયના શાસ્ત્રો સાથે સંગત થાય છે ? એવી અસંગત અઘટિત અસંભવિત વાતને મૂર્ખ માણસો હોય તે જ માને. કયાં ગીતોપદેષ્ટા શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ અને કયાં પીજની અવલબાઈ “કયાં રાજાભોજ અને કયાં ગંગુ તેલી” એ લોક કહેવત જેવુ છે. કાંઈક અંશે મળતાપણું હોય તો દાખલો આપી શકાય. આમાં તો લેશપણ મળતુ આવતું નથી. કયાં પુરૂષોત્તમ અને કયાં પીજની પ્રમદા. આ દાખલો તો જેમની પરમાત્માની દ્ઢ ઉપાસનાથી સ્વસ્વરૂપનો આવિર્ભાવ થયો છે એવા મુકતોની બાબતમાં એ દાખલો આપાય કેમકે “સ ઋષિ વામદેવ પ્રતિપેદે અહંમનુરભવંસૂર્યશ્ચ ।આ શ્રૃતિને અનુસારે પ્રવર્તેલા ‘આત્મેતિતૂપગચ્છતિ’ શારીક સૂત્રમાં વ્યાસે એ બાબત પ્રતિપાદન કરી છે. મુકતો પરમાત્માને સ્વાત્માત્મક તરીકે ઉપાસે છે. ગીતાનો ‘યસ્માક્ષર..’ એ શ્લોકને પ્રમાણ તરીકે સ્વીકારીને શ્રીમુખે શ્રીકૃષ્ણની અક્ષર શબ્દ વાચ્ય મુકતાત્માઅઓ થકી પર પુરૂષોત્તમતા પ્રતિપાદી છે. શ્રીકૃષ્ણની આળખામણી સરખામણી પીજની અવલભાઈની સાથે કરી છે. તો તે આંખનું કાજળ કપાળે ઘસ્યા જવું કે નાળચ્છેદન કરતા ગળુચ્છેદન કર્યા જેવુ અત્યંત અવળું છે. ‘મુખમાસ્તીતિ વક્ત વ્યં’ એટલીજ પાપિષ્ઠ પિઠીકા ગોઠવી રાખી છે. સંપ્રદાય થકી બહાર પડીને તેની સામે હરિફાઈ ભરપૂર બહરાવટુ કરનારા બે જુથવાળા ઉઘાડા છે એકતો ગુણાતીતજ્ઞાનવાળા અક્ષરો અને બીજા અબજીભાઈના તેજો વાદી અક્ષરો. તે બે જુથવાળાએ શિક્ષાપત્રી સત્સંગિજીવનમ્ અને વચનામૃતમ્ના અત્યંત અવળા અર્થો કુયુકિતથી કર્યા છે પરંતુ આ ત્રિજાજુથવાળા અંદર પડેલા કિંચિત્ ભણેલા બંડીયા આ પુસ્તેક ગોઠવનારા તો શ્રીકૃષ્ણનું પરાત્વરપણું

પ્રતિપાદનારા ગીતા શ્લોકોના પણ અવળા અર્થો કરવા મંડયા છે. એ વિશેષ છે અને તેને માટે ઉટાંગ ન્યાયો પ્રવેશ્ય પ્રવેશક, મુખ્ય સામાન્ય, પરોક્ષ, પ્રત્યક્ષ, નહિ નિંદા ન્યાય વિગેરે ને ગોઠવ્યા જાય છે. આ ન્યાય ન કહેવાય, આ તો ચોખો અન્યાય કહેવાય.જેમાં પક્ષપાત હોય તેને કોઈ ન્યાય તરીકે માની શકે નહિ. અવતારોને માટે એવા ન્યાયો આપી શકાય નહિ. ન્યાયને અન્યાય અને અન્યાયને ન્યાય તરીકે જણાવવો એતો તમાસી અવિદ્યા કહેવાય. ન્યાય તો હોય પણ જયાં ઘટતું હોય ત્યાં વાપરી શકાય. કાજળ તો આંખે લગાવાય પણ કપાળે લગાવાય નહિં. નાળનું છેદન થાય પણ ગળાનું છેદન થાય નહિ. હવે જે અવલબાઈનો દાખલો શ્રીકૃષ્ણને વિષે ઘટાડવા માટે નિષ્કુળાનંદ મુનિકૃત ભકતચિંતામણિની કળીઓ લીધી છે. તે ગ્રંથના કર્તા મહામુનિતો એજ ગ્રંથમાં શ્રીકૃષ્ણનું પારમ્ય પ્રતિપાદવા પૂર્વક શ્રીકૃષ્ણને શ્રીહરિનો સર્વ પ્રકારે તત્ત્વથી અભેદચોખો નિરૂપે છે. વાંચો તેમના ભકત ચિંતામણી વાકયોને "એવા શ્રી કૃષ્ણકિશોરમૂર્તિ, આપ ઈચ્છાએ અવતરી, યુગો યુગ જનનાં કારજ કરે, પ્રથમ મૂર્તિ ધર્મથી પ્રગટયા પૂરણાકામ, નરનારાયણનાથજી, ત્યાર પછી વાસુદેવ દેવકીથી, પ્રગટયા મથુરામાંય, ત્યાર પછી વળી જગમાં, અધર્મ વ્યાપ્યો અપાર, ત્યારે તમે પ્રગટયા, કોશલ દેશમાં ઘનશ્યામ, આતો શ્રીકૃષ્ણ છે ગોલોક પતિરે, આવ્યા છે પોતે ધરી મૂરતિરે, જય અવતારના અવતારી, કૃષ્ણ કહીએ જ ગોલોક ધામેરે, તમો થયા છો હરિનામેરે ઉદ્ધવ તે રામાનંદ રૂપ શ્રી કૃષ્ણતે હરિસ્વરૂપ, કરીકાજ મહારાજ મોટાં, ગયા પોતે ગોલોકે' ઈત્યાંદિ- આરીતે પરમાત્માનો અવતારોને અવતારીનો તત્ત્વતઃ અભેદ અને અવતારોનો પણ પરસ્પર અભેદ અને કૃષ્ણ શ્રીહરિ વચ્ચે સ્વરૂપાદિ સર્વપ્રકારે અભેદ જણાવ્યો છે.

પુરૂષોત્તમ પ્રકાશ કે જે પુરૂષોત્તમ શ્રીકૃષ્ણના સર્વોપરિ મહાત્મ્ય પ્રકાશ કરનારો યથાર્થ નિષ્કુળાનંદ મુનિકૃત છે. તેમાં પણ 'શ્રીગોલક ધામ મોઝારરે અક્ષરધામ છે હરિનું સારરે, એ શ્રીકૃષ્ણનું અક્ષરધામ ... જોઈ રૂપ છટા સુખદાઈરે, રમારાધા કરે સેવકાઈરે, એમ ગોપ ગોપીના નાથરે... શ્રીદામાદિક સખા છે. સાથરે, વાસુદેવ વ્યૂહ અનુપરે કેશવાદિક ચોવીશ રૂપરે, વરાહાદિક બહું અવતારરે, એ સર્વના હરિ ધરનારરે, ભુમિ પર એકાંતિક ધર્મરે તેને પ્રવર્તાવવો એ છે મર્મરે, બદરિકાશ્રમને માઈરે, થયો શાપ અતિ દુઃખ દાઈરે, એમ પૂર્ણ પૂરૂષોત્તમ રાયરે, દિધોકોલવૃંદાવન માયરે, ભકિત ધર્મને આપ્યુ વચનરે, સત્ય કીધું તે જગજીવનરે, કોશળદેશ અયોધ્યાપ્રાંતરે, પ્રભુ પ્રગટ થયા કરી ખાંતરે, ધર્યો નર વિગ્રહ

સ્વચ્છંદરે, શ્રીનારાયણઋષિરૂપરે, થયા પ્રગટ તે પરમ અનુપરે, થયા ભકિત ધર્મના બાળરે, શ્રીકૃષ્ણ ભકતપ્રતિપાળરે' આ રીતે ગોલોકમાં રહેલા અક્ષરધામાધિપતિ રાધારમાપતિ શ્રીકૃષ્ણની પરંબ્રહ્મ પૂરૂષોત્તમતા સમજાવવાપૂર્વક તેમની જ શ્રીહરિરૂપતા સમર્થન કરી છે. તો અવલબાઈની બાબતને ઘટાડવા માટે ભકતચિંતામણિની કડીઓ લખી છે. તે બંધ બેસતી ઘટતી આવે છે ?

અવલબાઈ તો અવલ મુકત પ્રાય હતાં. તેમણે જે શ્રીજીમાં પ્રેમ પ્રકર્ષવશાત્ તલ્લીન થવાથી જે વ્યવહાર કર્યો છે. તે શાસ્ત્ર રીતિ એ યોગ્ય છે. જે બાઈએ પોતામાં શ્રીજીનો આવિર્ભાવ જણાવ્યો છે, તેતો શ્રીકૃષ્ણ અને શ્રીહરિને અભિન્ન સ્વરૂપ સમઝતા હતા. તેમનો દાખલો પરમાત્મસ્વરૂપ શ્રીકૃષ્ણને શ્રીહરિ વચ્ચે લેશથી પણ લઈ શકાય નહિ. વળી ભકતચિંતામણીમાં ભકિત માતાએ 'હવે તમે છો શ્રીકૃષ્ણકૃપાળરે, વ્રજે મલ્યા હતા તે તમે બાળ રે, કહે ઘન્યકૃષ્ણ રાધાપતિ રે' ઈત્યાદિ શ્રીકૃષ્ણ શ્રીહરિની સ્વરૂપાદિ સર્વપ્રકારે અભિન્નતા પર સ્તુતિ કરી છે. જે ભકિતમાતાનો અભિપ્રાય છે એજ અવલબાઈરે સ્વીકારેલો છે એટલે અવલબાઈનો દાખલો વરવર ગીતોપદેષ્ટા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીકૃષ્ણને વિષે પ્રવેશ સમર્થવા આપ્યો છે તે આંખનું કાજલ કપાળે ઘસ્યા જેવુ તદ્ન વિપરિત છે. સર્વનું ઔષધ શાસ્ત્રવિહિત પણ મૂર્ખાઈનું ઔષધ નથી. વળી જે મુનિને અનાદિ સિદ્ધ મહામુકત તરીકે સંબોધ્યા છે. તેમની પરાવાણી સાથે આવી વૈખરીવાણીની સરખામણી કરી તે અત્યંત અળખામણી હાસ્યાસ્પદ છે મુનિ અનાદિ સિદ્ધ છે તો તે વાણી જેમ છે તેમજ સ્વીકારવી જોઈએ. એમાં આપ ડહાપણ દોઢ ડહાપણ કે અખતર ડહાપણ કરવાનો પામરોને બિલકલ અધિકાર નથી આ મહામુનિની માન્યતા કાંઈક છે અને આ ગ્રંથની માન્યતા કાંઈક છે તેજસ્તિમિર જેટલુ અંતર છે.

આ ગ્રંથના લેખક પુરાણી નંદકિશોરદાસજી દેખીતા છે. તે દાસ થઈને નંદકિશોર શ્રીકૃષ્ણ માટે આવા ઉતારી પાડવાના હલકા શબ્દો લખે તે કોઈ રીતે ઘટિત ન કહેવાય. એ અપ શબ્દો તો શ્રીકૃષ્ણના મહા અપરાધ માટે હોઈને આત્યાંતિક અકલ્યાણકારી ખરેખર છે વળી પોતે પુરાણી હોવાથી ભાગવતાદિ પુરાણને ભણ્યા હશે. જેથી પુરાણી થઈને એવુ અવળુ અપ્રમાણ શાસ્ત્ર વિરૂદ્ધ લખે તે પણ અત્યંત અઘટિત કહેવાય. નાંદિકિશોરદાસ નામ લજવાય છે જે ઘ.ધુ આચાર્યશ્રી આ ગ્રંથમાં છાપેલા મોનોગ્રામમાં શ્રીકૃષ્ણ હદિચિન્તયે એમ રાધાલક્ષ્મીવર વૃંદાવન વીહરી શ્રીકૃષ્ણનું હૃદયમાં ચિંતવન કરવાનું કહે છે તે આચાર્યજી

શ્રીકૃષ્ણને જીવાદિનીચ સાતમે આઠમે પદે ઉતારી પાડનારા ગ્રામ્ય ગ્રંથને છપાવવા શોધવાની આજ્ઞા પુરાણી તથા વકીલને આપે એ અઘટિત કેમ ન કહેવાય ? શાસ્ત્રાર્થોને પરસ્પરાનુંસંધાનથીપૂર્વાપર બાધ ન આવે એ રીતે વિચાર કરવા એ આચાર્ય પદની નિરૂકિત છે જ્ઞાન માટે જ આચાર્ય છે માટે એવા અધમાધમ પુસ્તકને છપાવવાની મંજુરી આપવી જોઈએ નહિ મંજુરી આપવાથી પોતે જ્ઞાનાચાર્ય હોવાથી બધી જવાબદારી અને જોખમદારીના આચાર્ય બને છે.

વળી રામકૃષ્ણાદિ અવતારોની અત્યંત અકલ્યાણકારી હલકાઈ કરવા ઉપરોકત પ્રવેશપણ પરમાત્માના સ્વરૂપ રૂપ ગુણાદિકથી સાક્ષાત્ નહિ પણ અંતર્યામિ શકિત રૂપ તેજથી પ્રલપ્યો છે. એટલે મુકતાદિકમાં સાક્ષાત્ મૂર્તિથી પ્રવેશ છે. અને અવતારોમાં તો સાક્ષાત્ નહિ પણ મૂર્તિનો તેજદ્વારા પરંપરા એ છે એમ કરીને મૂકતાદિકથી પણ અવતારોની સર્વથા અધોગતિકરી છે વાંચો તેમણી વિમુખી વાણીને 'પાન ૬૦૪ રામકૃષ્ણાદિ અવતારોને વિષે શ્રીસ્વામિનારાયણ ભગવાન્ પોતાની અંતર્યામિ શકિત દ્વારે રહયા છે મૂળ અક્ષરથી લઈને પૃથ્વીને વિષે જે જે અવતાર થાય છે, તે સર્વને વિષે શ્રીજી મહારાજને અવિર્ભાવ છે. તે સર્વેને શ્રીજીમહારાજના અવતારો કહેવાય પણ એ અવતારોમાંથી પરૂષોત્તમનારાયણ નોખા પડી જાય (જુઓ વચનામૃત પંચાળા ૭), પાના ૫૯૫ (પંચાળા વચનામૃત-૭) આ વચનામૃતમાં પુરૂષોત્તમ ભગવાનનો શ્રીસ્વામિનારાયણ ભગવાનનો અવતારાદિકમાં પ્રવેશક કહયો છે. તે મૂર્તિમાન વ્યતિરેક સ્વરૂપે પણ પોતાની અંતર્યામિશકિત વડે પોતાના તેજ વડે તે પ્રવેશ પણ અગ્નિ લોઢામાં પ્રવેશ કરે તેવી રીતે કહયો છે.

હવે પંચાળા ૭માં વચનામૃતનો વિર્મશ પૂર્વાપરના અનુસંધાનથી કરીએઃ-

આ વચનામૃતના સત્યાર્થને ફેરવી નાખવા માટે બહુ બહુ આડા અવળા બંડીયા ચાળા કર્યા છે. અગ્નિ અને લોઢાનું દ્રષ્ટાંત દીધુ છે તે અવતારોની બાબતમાં બીલકુલ સંભવતું નથી. કારણ કે મૂળ અવતારી અને અવતાર વચ્ચે કોઈ પ્રકારે ભેદનથી. અવતારીજ અવતાર રૂપે વિરાજે છે જેમ કોઈ માણસ પડદાંમાંથી બહાર આવે અને તે પાછો પડદામાં પેસી જાય એવો અવતાર અવતારી ભાવ છે પેસનારો અને નિકળનારો એક જ છે. પણ જુદો જુદો નથી વળી એ દ્રષ્ટાંત અવતારોને આગળ ધરી આપ્યુ નથી પણ બીજી બાબતમાં આપ્યુ છે. તે અવતારોમાં ઘટાડી શકાય નહિ એતો સર્વવ્યાપી ભગવાન પુરૂષોત્તમનો કાર્યાધાન માટે અનુપ્રવેશ સર્વ જગતમાં જણાવ્યો છે. અગ્નિનો જેમ લોઢામાં

પ્રવેશ છે તેમ અવતારોમાં પુરૂષોત્તમનો પ્રવેશ છે. એમ જે પ્રલપન કર્યું છે. તે અવતારી અવતાર વચ્ચે અત્યંત ભેદ પાડીને અવતારોને જીવાદિ પદે ઉતરી પાડવાજ પાગલ પ્રવૃત્તિ કરી છે. આ વચનામૃતનો તત્ત્વાર્થ એ છે કે પુરાણપ્રથમ ભાગવત કે જે શ્રીકૃષ્ણપર હોયને શ્રીજીએ સ્વાઅભિમત સચ્છાસ્ત્ર તરીકે ગણ્યુ તેનો 'જન્માદ્યસ્ય' આ પ્રથમ શ્લોકનો પ્રક્રમ કરીને તેના **'यत्रत्रिसर्गोमृषा धाम्ना स्वेनसदा निरस्तकुहकम्'** એ અંત્યપાદને

લઈને તેનું વિવેચન કરી ને શ્રીકૃષ્ણનું નિત્ય નિર્દોષ પણું અને કલ્યાણ ગુણાકર પણુ સમર્થવાપુર્વક તેમનું સાકારપણુ યુકિત વિશેષથી સપ્રમાણ કર્યું છે. વાંચો "એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ છે. તે આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિષે જેવુ ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય તેજે યુકત છે. તેવુ ને તેવુ પ્રત્યક્ષ મનુષ્ય રૂપ ભગવાનને વિષે જાણવું તેણે તત્ત્વે કરીને ભગવાન જાણ્યા કહેવાય" એમ અવતાર અવતારી વચ્ચે તત્ત્વતઃ અભેદ સમજવાનો કહે છે. આગળ ઉપર નટનું દ્રષ્ટાંત આપીને અવતાર અવતારીનું ઐકય પણું પ્રતિપાદે છે જેમ નટ જુદા જુદા વેષો ને ધારે છે, છતા નટ એનો એજ છે આ દ્રષ્ટાંતનું વિવરણ લોયા ૧૮માં **'यथा मत्स्यादिरुपाणि धत्तेज हूयाद्यया नटः भूमारः क्षपितो**

येन' (ભાગવત સ્કંદ-૧ અધ્યાય-૧૫) આ શ્લોકોનું અનુસંધાન લઈને કર્યું છે. આ

બાબતને સમર્થન કરવા માટે **'अवजानन्ति मा मूढाः'** એ ગીતા શ્લોકને લીધો છે. અર્થ

એવો છે કે શ્રીકૃષ્ણને પરબ્રહ્મપણે નહિ જાણીને સામાન્ય મનુષ્ય પણે સમઝનારને મૂઢ અજ્ઞાની કહયા છે. વળી આગળ ઉપર " અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે પોતાને વિષે નવપ્રકારની ભકિત કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શકિતઓ ઐશ્વર્ય પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે ત્યારે પણ એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહયું છે. તેવુ જ પૃથ્વીને વિશે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહયું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશ માત્ર ફેર સમજતા નથી. એમ પરંબ્રહ્મ પુરૂષોત્તમની જ અવતાર રૂપના અને અવતાર રૂપોની સમગ્ર ગુણ એશ્વર્યાદિકથી પરિપૂર્ણતા અને તેમની ઉપાસ્યતા અને તેથી આત્યાંતિક કલ્યાણની પ્રાપ્તિ સુસ્પ્રષ્ટ કહી છે વળી આગળ ઉપર " ભગવાનતો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને તેજ ભગવાન રામકૃષ્ણાદિ મૂર્તિયોને ધારણ કરે છે એમ પરાત્પર સર્વાન્તર્યામિ પરમાત્માની જ અવતાર રૂપતાં અને તે વચ્ચે

સ્વરૂપાદ્વૈતને સુદ્રઢ કરે છે આ જોતા પંચાળા ૭માં અવતારોને સાક્ષાત્ પરમાત્માનું સ્વરૂપ સાકાર સમજીને તેમની જ ભકિત ઉપાસના કરવાની આત્યાંતિક કલ્યાણ માટે કહી છે એટલે અવતારોને લોઢાનું અને અવતારીને અગ્નિનું દ્રષ્ટાંત આપીને અવતારોને ઉતારી પાડવાનું જે ઔદ્ધત્ય આસુરી કર્યું છે તે સંગત નથી પંચાળા ૭ ને કહયુ કાંઈક ને સમજયા કાંઈક એના જેવુ આવળું કર્યુ છે. વચનામૃતના ખોટા અર્થો કરવામાં બાકી રાખ્યું નથી. માઝા મુકી દીધી છે. આખી મૂર્ખાઈનું ખુલ્લુ પ્રદર્શન છે વચનામૃતને પ્રમાણ તરીકે લીધું છે તે તો તેમના બંડાર્થને સાબીત કરતું નથી ઉલટું અવતારોની સાક્ષાત્ પરંબ્રહ્મ પુરૂષોત્તમતા અને એથી જ તેમની ધ્યેયતા અને તેથી જ આત્યંતિક મોક્ષપ્રદાતા સમર્થન થાય છે. એટલે આ મહેનતનો લાભ પોતાને ન થતા સામાને થાય છે આ તો તત્વજ્ઞાનીઓમાં હસવા બનવા જેવું બને છે. પંચાળા ૭ સાથે મધ્ય ૧૦ની ચર્ચા કરી છે તે તદ્દન અસંભવિત છે ૧૦માં તો ભાગવતનું અનુસંધાન લઈને આશ્રયરૂપ શ્રીકૃષ્ણની સાકારતા સમર્થન કરી છે. અને તેમાં અગ્નિનું સાકારતાનું દ્રષ્ટાંત લીધુ છે. એમ કરીને આશ્રયરૂપ શ્રીકૃષ્ણની મૂર્તિમત્તા સુદ્રઢ કરી છે. એજ સાકાર શ્રીકૃષ્ણની ગોપીઓના દ્રષ્ટાંતથી ભકિત કરવાની કહી છે. અને 'જન્મકર્મ ચ મે દિવ્યં' આ ગીતા વચનને લઈને શ્રીકૃષ્ણના જન્મકર્મનું દિવ્ય પણું સમર્થન કર્યુ. વધુમાં કૃષ્ણતાપનીય ઉપનિષદની કથાને આગળ ધરીને શ્રીકૃષ્ણની નિત્ય નિર્દોષતા નિરૂપી છેઅને વળી લક્ષ્મીજીના દ્રષ્ટાંતથી ભગવાનની સર્વગુણ સંપન્નતા સર્વ દોષે રહિતતા સર્વસુખ નિધાનતા નિરૂપીને તેમને વિષે લક્ષ્મીજીની દ્રઢ ભકિત્ત વર્ણવીને લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણની જ ભજનીયતા સમર્થી છે વધુમાં શ્રીકૃષ્ણવતારનો વિશેષ વર્ણવવાપૂર્વક તેમના દિવ્ય મનુષ્ય ચરિત્રની એકરૂપતા વર્ણવીને ગાન કરવાના કહયા છે. મનુષ્ય ચરિત્રોને વિષે દોષ ને નહિ જોનારાને શ્રેષ્ઠ ભકત કહયો છે. આ રીતે આમા અવતારો અને તેમના શુભાશુભ ચરિત્રોને દિવ્ય સમજીને ભકિત કરવાની કહી છે આમાં અવતારોને ઉતારી પાડવાાનો ગંધ પણ નથી. અગ્નિ લોઢાનું દ્રષ્ટાંત આમા નથી. શાસ્ત્ર વિના બોલે તે સર્વે ખોટું તે પામરનું બોલ્યુ કોણ પ્રમાણે એમ દેવાનંદ કહે છે. તે બરાબર છે

વળી રામકૃષ્ણ નરનારાયણ આદિક અવતારોને તથા તેમના ઉદ્ધવ હનુમાન એ આદિક ભકતોને સાવ નીચે ઉતારી પાડવાની જુની કુયુકિતઓ ગમઠી શાસ્ત્રશસ્ત્રુ ગોઠવી કાઢી છે વાચો પાાના નંદ૪૮ "અક્ષરધામમાંથી શ્રીહરિને પધારવાના છ હેતુ આપણે આ ગ્રંથના પાંચમા પ્રકરણમાં વિચાર્યા તેમાં ચોથો હેતુ ' પોતાના અવતારોને તથા અવતારોના ભકતોને આ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધરાવીને પોતાના સ્વરૂપનું જ્ઞાન તથા ઉપાસના

સમજાવીને તે સર્વેને પોતાના અક્ષરધામમાં લઈ જવા તે હતો. તે વિષે વિવેચન કરતાં અનાદિમુકત સ.ગુ ગોપાળાનંદ સ્વામિ કહે છે કે “બીજા અવતાર થાય છે, તે જયાંથી આવે છે ત્યાં પાછા જાય છે. પણ અક્ષરધામને કોઈ પામતા નથી. એતો જયારે પુરૂષોત્તમ નારાયણ સ્વયં અક્ષરધામમાંથી આવે તે ભેળા બીજા અવતાર તથા તેમના ભકતો તથા અન્ય ઐશ્વર્યાથીઓ પણ દેહ ધરે છે એ સર્વે પુરૂષોત્તમનારાયણ ના ભકત થાય છે તે પુરૂષોત્તમનારાયણની સર્વોપરિ ઉપાસના દ્રઢ કરીને પોતાની ખોટ ટાળીને અક્ષરધામમાં જાય છે, અને કોઈ વખત એમ બને છેકે એ અવતારો સત્સંગમાં જન્મ ધરે ત્યારે ગૃહસ્થ સત્સંગી કે ત્યાગાશ્રમી(ત્યાગી) થયા હોય પણ એમને પુરૂષોત્તમનારાયણના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ન થયુહોય કે સર્વોપરિ ઉપાસના ન સમજાઈ હોય તેને લીધે એ બીજાને ઉપદેશ કરે ત્યારે પુરૂષોત્તમ નારાયણમાં ન જોડતા પોતામાં જોડે પછી તે તે મુમુક્ષ ઓને પૌતાના લોકમાં ધામમાં લઈ જાય પણ એ કોઈ અક્ષરધારમને ન પામે ઈત્યાદિ

છ પૈકી જે ચોથા હેતુનું અનુસંધાન અમદાવાદની મુદ્રિત પાશ્ચત્ય વચનામૃત પ્રતોમા બનાવટી શ્લોકો છો લખ્યા છે તેમા ચોથા હેતુ માટેનો શ્લોક આ મુજબનો છે ‘स्वकीयावतारा स्त दियाश्च भकतानि जो पास नां ज्ञान मालोध्य तेषाम् ? तथै तान्स्य धामाऽधिनेतु विचिन्त्याऽऽगत: श्रीहरिर्हेतुरुक्तश्चतुर्थ:’ આ શ્લોકનો ગુજરાતી અર્થ ઉપર ના વાકયોમા જણાય છે એટલે એ બંન્ને પારટી એકાભિપ્રાયવાળી જણાય છે,

હવે વિચારો કે રામકૃષ્ણ નરનારાયણ આદિક અવતારો કે જે પરં બ્રહ્મ પરમાત્માના અખંડિત અભિન્ન તત્ત્વ રૂપો હોઈને સમગ્ર ગુણ ઐશ્વર્ય વિભૂતિ વિગેરેએ સંપુર્ણ છે.અને કર્માદિ ખોટે રહિત હોઈને ધ્યેય આત્યાંતિક કલ્યાણ કર્તા છે. તેમને પણ પોતાના કલ્યાણ માટે આ પ્રાકૃક લોકમાં બદ્ધ જીવોની પેઠે વારેવારે અવતરવું પડે અને સ્વામિનારાણની કઠીન ભકિત અને તેમતા આશ્રિત બદ્ધજીવોની ગુલામગિરી લાચારી કરવી પડે એ કેવી વંઠેલ કુંટેલ વાત. શાસ્ત્રશત્રુ અવતાર કોદાળ છે તેનો પરામર્ષ અમદાવાદ ગાદીના આચાર્યે અને તેમના આશ્રયે રહેલા શાસ્ત્રી પુરાણીઓએ અને એક બીજા બધાજ્ઞાની કહેવરાવતા ત્યાગી ગૃહસ્થોએ દીર્ઘ વિચાર કરવો ઘટે છે. વધુ વિચારતા પોતાને સાહિત્યાચાર્ય વ્યાકરણાચાર્ય ન્યાયાચાર્ય વેદાંતાચાર્ય કહેવરાવનારીઓએ પૂર્વાપરના અનુસંધાનથી પૂર્વાપર બાધ ન આવે એ રીતે વિમર્ષ કરવો ઘટે છે. વેદાંતર્થ આવા અન્યાયથી ઘટાવી શકાય ખરો? રામકૃષ્ણનૃસિંહ-વામન- મત્સ્ય નરનારાયણ કચ્છાદિકને શી ખોટ રહી ગઈ હતી કે

જેથી તે ખોટ (કસર)ને ટાળવા માટે બદ્ધ જીવોની પેઠે પરાધીન પણે અવતરવું પડે અને મરવુ પડે એ પણ વિચાર કરવો પડશે. ખોટ તો કલેશ કર્મ વિપાક-આશય- અથવા-સંચિત ક્રિયામાણ પ્રારબ્ધ ને કહેવામાં આવે છે. પ્રારબ્ધને જ કારણ શરીર કહે છે જયારે નિત્ય નિર્દોષ, નિરંજન,પરાત્પર, પરમાત્માં જેમ નિત્યનિર્દોષ છે. તેમ તેમના સાક્ષાત્ અવતારો પણ નિત્ય નિર્દોષ છે. શ્રીહરિ તો અવતારોની નિત્ય નિર્દોષતા અને કલ્યાણ ગુણ પૂર્ણતા અને તેની જ ભજનીયતા અને મોક્ષ પ્રદાતા પદે પદે સચ્છાસ્ત્રોના વચનો અને ન્યાય યુકિતથી સમર્થન કરે છે. વાંચો તેમના વચનામૃતો વરતાલ ૧૮ “અને જો એ શ્રીકૃષ્ણભગવાનને નિર્ગુણ નહિ કહે.... મધ્ય-૧૦... સર્વગુણેકરીને સંપૂર્ણ... પ્ર.પ્ર.૪૨ અને પરમાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની સાંઘાથે વ્રજની ગોપીઓએ... મધ્ય૩૯ પ્ર.૭૨’ બોચાસણ બંડ પાના નં.૨૩૨ મધ્યદ્ય૪ લોયા ૧૮ આત્યાંતિક ચોપડી-૩૨૯ અ.મુકત સ.ગુણાતીતાનંદ પણ કહે છે. બીજા અવતારોએ કલ્યાણ તો કર્યાં છે. પણ કારણ શરીરની વાસના બાળી નથી. શ્રીજી મહારાજે તો કારણ શરીરની વાસના બાળી. અવતારો ને પણ ખોટ તાળવા આવવુ પડે ત્યારે બીજા પોતાના ભકતોને શી ખોટ ટાળવાના હતા ? ‘ન શિલા તારયેત્ શિલાં’ એમ છે બાંધેલો તે બીજાને શી રીતે છોડાવી શકે ? આ વાહિયત વાતથી તો અનેક તર્ક વિર્તક ને વિશાલ સ્થાન મળે છે ત્યારે અવતારો અવતારી થકી તદ્દન જુદા જ છે ત્યારે તો તે એક જીવાદિ જેવુ જ અનાદિ ખાતુ ઠરે. એમ થતા જે અવતારોમાં જે ભેદો મત્સ્ય-કૂર્મ-નૃસિંહ હયગ્રીવ-હંસાદિ ભેદો છે તે પણ અનાદિ ઠરે. હવે તેમને ભજનારા ભકત મનુષ્યો જરૂરથી સધર્મપણાને પામવાનો નિયમ હોવાથી સધર્મતાને પામે. એટલે મત્સ્યાદિ ભાવને પામે તેમાં પણ સખાભાવે ભજનારો હોય તે માછલો થાય અને પતિ ભાવે ભજનારી હોય તે માછલી થાય. (એમ કચ્છાદિકમાં પણ જાણી લેવુ) એમ થતાં મત્સ્ય-કૂર્મ-આદિક જાતીનો બહુજ વધારો થાય. હવે તેઆને જેમ જીવાદિકને રહેવાના સ્થાન સ્વાર્ગાદિ તથા ભૂમિ આદિક નકકી કરી આપ્યા છે તેમ તેમને માટે પણ પૃથક્ પૃથક સ્થાન બેટ કે ટાપુ વ્યવસ્થિત કરી આપવુ પડે. એ ન્યાયની વાત છે. તેમા એ બધા સમાનાકાર મત્સ્યાદિ સુખે રહી શકે. તેમા પણ જે જળચર હોય તેમને જળમાં અને જે સ્થળચર હોય તેમને સ્થળમાં યથા યોગ્ય સ્થાન આપવુ પડે. બીજુ અવતારોને પણ ખોટ (કારણવાસનાકર્માદિ) ટાળવાની આવે તો તેમને પણ અનાદિવાસનાને વશ થઈને જન્મ મરણ ભાવને ભજવું પડે, અને તે સબંધના સુખ દુ:ખાદિ કર્મ વશ જીવોની પેઠે અવશ્ય ભોગવવા પડે. વળી કારણવાસનાની વિવિધ વિચિત્રતા હોવાથી એમનામાં ઉચ્ચ નિચ (ગ્રેડ)ન્યુનાધિકતા રૂપ આવે જ. એમ થતા એક બીજા ઉપર

ઈર્ષ્યા અસૂયા દ્વેષ ઈત્યાદિ દુર્ભાવો પણ દાખલ થાય. બીજુ તેઓમાં રૂપ સમૃદ્ધિ ગુણ ઐશ્વર્ય ભોગ સુખાદિકમાં પણ ન્યુનાધિકતા અવશ્ય આવે જ. એમ તથા બદ્ધ જીવોની જેવી દુઃસ્થિતિ છે તેવી જ અવતારોની પણ અવશ્ય આવેજ. જો આ રીતે અવળી સમજણ અવતારો માટે અપનાવવામાં આવે તો લોયા વચનામૃત ૧૮માં "અને એ વાત જો સમજતા ન આવડેતો દૂષણ પણ ઘણા આવે" એમ સર્વજ્ઞ શ્રીજીએ પ્રથમથી જ અવતાર, દ્રોહી ઓ માટે ભવિષ્ય ભાખ્યું છે. બીજા અવતાર થાય છે તે જયાંથી આવે છે ત્યાં પાછા જાય છે. પણ અક્ષરધામને કોઈપામતા નથી આ વાકય તો અનેક અતર્કિત તર્કને જન્મ આપે છે અવતારો કયાંથી આવ્યા છે અને કયા જાય છે એ મોટો પ્રશ્નએ અનુત્તર ઉપસ્થિત થાય છે. કા તો આ બ્રહ્માંડમાં એમનું નિવાસ્થાન કલ્પવુ પડે અથવા તો બીજા કોઈ ધામમાં અથવા અક્ષરધામમાં કોઈ ખુણામાં એમનું સ્થાન કલ્પવું પડે. અક્ષરધામના એક દેશમાં તો રાખી શકાય નહિ. કેમકે જે ખોટવાળા છે તે અક્ષરધામને પામી શકે નહી એવું શાસ્ત્ર છે. તો અવતારો કયાંથી આવ્યા એ પણ એક પ્રશ્નનો ઉત્તર કરવો પડશે. કોઈ અવતારો અક્ષરધામને પામતા નથી આ વાકય તો અવિસહ્યય અત્યંત છે. વળી સ્વામિનારાયણ ભગવાનતો આ પૃથ્વી ઉપર આવ્યા નથી અને આવશે પણ નહિ. આ ફેરા એકજવાર આવ્યા છે તે આ ફેરા અવતારોને પોતાનુ જ્ઞાન ઉપાસના સિદ્ધ કરાવીને મોક્ષ કરવા અવતારોને લાવ્યા છે હવે જો પૂર્વ વાસના ખોટ રહી જાય અથવા જ્ઞાન ઉપાસના પરિપૂર્ણ ન થાય તો પછી તેમને આ બ્રહ્માંડમાં જયાં ત્યાં રઝળવાનું અને વાસનાજન્ય દુરંત દુઃખોને જીવાદિકની પેઠે ભોગવવાનું રહે. આ રીતે દીર્ઘ વિચાર સૂક્ષ્મ દ્રષ્ટિથી કરીએ તો સંસાર બદ્ધ જીવવર્ગ કરતાં પણ અવતારોની બહુ બુરી દશા દયનીય આવે છે આના કરતાં જીવ વર્ગ થકી જુદો અવતાર ભાવ ન હોય એજ સારી વાત છે.

એમ અનેક દૂષણોને સ્થાન મળે છે હવે જો લોય ૧૮માં ભગવાન શ્રીહરિ એજે શુદ્ધ સમજણ શાસ્ત્રીય આપી છે તે પ્રમાણે શુદ્ધ આસ્તિક ભાવથી સમજે તે ઉપરના દુરંત દોષો આવે નહિ અવતારોને જીવવર્ગ કરતાં પણ નીચે ઉતારી પાડવાની કેવી આસુરતા આદરી છે તેનો આ નૌતમ નમુનો નિરિક્ષણીય છે અવતારોનું સ્થાન તો ભગવાનન શ્રીહરિએ અક્ષરધામી અવતારી મૂળ રૂપ પુરૂષોત્તમમાં આપ્યુ છે. વાંચો વચનામૃત વાકયો અત્યંત ૩૧ "એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે જે પુરૂષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે ને તે આકૃતિમાંથી ભગવાન અવતાર ધારે છે." મધ્ય-૧૩ " અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે, તેને આત્માનું તત્વ કહીએ, તથા પરંબ્રહ્મ કહીએ, તથા પુરૂષોત્તમ

કહીએ તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રકટ થય છે. તે ભગવાન્ આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી ને અક્ષરધામના પતિ છે. માટે શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્ય જેવા જણાતા હતા તો પણ અક્ષરાતીત કૈવલ્ય મૂર્તિજ છે અને એ અક્ષરાતીત જે પુરૂષોત્તમ ભગવાન્ છે. તેજ સર્વ અવતારનું કારણ છે અને સર્વ અવતાર પુરૂષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા પુરૂષોત્તમને વિષે લીન થાય છે. " લોયા ૧૮ 'અને તેજ ભગવાન્ મત્સ્ય કચ્છ વરાહાદિ રૂપને તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે. પણ જે એ પોતાનું મૂળરૂપ છે. તેને ત્યજીને એ અવતારનુ ધારણ કરતા નથી તે જ ભગવાન પોતે અનંત ઐશ્વર્યને અનંત શકિત સહિત જ મત્સ્ય કચ્છાદિક રૂપને ધારણ કરે છે અને જે કાર્ય નિમિત્ત જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે છે ત્યારે તે દેહનો ત્યાગ પણ કરે છે." ઈત્યાદિ આ વચનામૃતનું અનુસંધાન ઉપરની અવતાર દ્રોહી લવરીમાં રાખ્યું નથી.

યોગીવર્ય ગોપાળાનંદ સ્વામિના નામે જે કે અવતારો જયાંથી આવે છે ત્યાં પાછા જાય છે પણ અક્ષરધામને કોઈ પામતા નથી. આવી મિથ્યા આળ ચઢાવી છે તે અત્યંત અયોગ્ય છે. એવી વાત ગોપાળાનંદસ્વામિકૃત સંપ્રદાયના કોઈ ગ્રંથમાં ઉપલબ્ધ નથી. કદાચ તેમના નામે ખોટી બનાવટ કરેલી બંડીયા શાસ્ત્રશત્રુ અવતાર દ્રોહી વાતોમાં ગોઠવી હોય તો તે પ્રમાણ પદને યોગ્ય નથી. જયાં સુધી શિક્ષાપત્રી સત્સંગિજીવનમ્વચનામૃતમ્ જીવતાં હોય ત્યાં સુધી તેવી વંઠેલ વાતોનું પ્રામાણ્ય હોઈ શકે નહી ગોપાળાનંદ સ્વામીએ તો પરંબ્રહ્મ પરમાત્માની જ શ્રીકૃષ્ણરૂપતા અને શ્રીહરિની તત્ત્વતઃ તદભિન્નતા અને અક્ષરધામાધિપતિતા સ્વકૃત ગ્રંથોમા સ્પષ્ટ પ્રતિપાદન કરી છે. વચનામૃનની પ્રસ્તાવના કે જે ગ્રંથની અંદરજ ગણાય છે તેમાં પ્રથમ ગોલોકાંતર્વ ર્તિ અક્ષરધામ કહીને તેના અધિપતિ રાધાલક્ષ્મી વિશિષ્ટ વેણુવાદ રસિકશ્રી કૃષ્ણને કહીને તેમનાજ સાક્ષાત્ અવતાર તરીકે ભગવાન શ્રીહરિને નિરૂપે છે. વચનામૃતનો સંગ્રહ કર્તા પૈકી આ મુનિ મુખ્ય હતા. વચનામૃતમાં એવા ઘણા પ્રશ્નોત્તરો એ સ્વામિએ કર્યા છે. તે વાંચી લેવા ગીતા ભાષ્યમાં 'યસ્યાત્ક્ષર' આ શ્લોકનું વિવરણ કરતાં ક્ષર શબ્દથી સર્વભૂતોએ કરીને અક્ષર શબ્દથી અક્ષરધામ અને તેમાં રહેલા અક્ષર મુકતોને કહીને તેના થકી શ્રીકૃષ્ણની અતીતતા વર્ણવવા પૂર્વક શ્રીકૃષ્ણની પુરૂષોત્તમતા પ્રતિપાદન સારી રીતે કરી છે. ભાગવત સ્કંધ-૧૧અ.-૫ શ્લોક ૩૮ –'કૃતાદિષુ પ્રજારાજન્' આ શ્લોકની ગોપાળાનંદમૂનિ કૃત ટીકામાં યુદ્ધાર્થે મથુરાં આવેલા જરાસંઘની

સાથે સંગ્રામ સમયે શ્રીકૃષ્ણે પોતાના અવતારનું પ્રયોજન વિચારતા 'अन्योऽपिधर्मरक्षायै' એમ બીજા અવતાર ધારણનો નિશ્ચય કર્યો હતો એજ અવતારને આ શ્લોકથી જણાવવા બીજુ પણ કલીનું મહાત્મ્ય કહે છે આવું પ્રતિક આપીને 'कलौएकान्ति धर्मरक्षार्थं श्रीकृष्णो नारायणमुनिनामना भक्ति धर्मात्मिजोभविष्यति' કળીમાં એકાંતિક ધર્મની રક્ષા માટે શ્રીકૃષ્ણ જ નારાયણમુનિ નામથી ભકિત ધર્મના પુત્રપણે પ્રગટ થશે. श्रीकृष्णेन धर्मज्ञन वैराग्य सहितै कान्तिति भक्तिरूद्धवं प्रयुक्ता सातु अत्रागत रामानन्दाख्योद्धव सहितेन भक्तिधर्मसूतेन श्रीनारायणमुनि नैवात्र प्रवर्तितोनत्वन्यैः अतोदेहः संभ्रियते मया इत्येकवचनेन प्रोक्त श्रीनारायणमुनि देव स्वयं श्रीकृष्णः' શ્રીકૃષ્ણ ધર્મ જ્ઞાન વૈરાગ્યે સંહિત એવા ભકિત ધર્મસુત શ્રી નારાયણમૂનિ એજ પ્રર્વતાવી છે. પણ બીજાએ નહિ ' देहः संभ्रियते मया'માટે એક વચનથી કહેલા શ્રીનારાયણ મૂનિ જ સ્વયં શ્રીકૃષ્ણ છે. ઉધ્ધવજી અહિં સાથી આવેલા ? તો શ્રીકૃષ્ણે જ પોતાના સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ કરવા મોકલેલા 'श्रीकृष्णश्चापि स्वप्रतिज्ञां सत्यां कर्तुंमुद्धव सहायार्थं तया धर्मदेवगृहे स्वयं प्रादुर्भूते इति वोध्यम्' શ્રીકૃષ્ણ પોતાની 'अन्योपि 'धर्मरक्षार्थं' આ પ્રતિજ્ઞાને સત્ય કરવા ઉદ્ધવજીની સહાય માટે ધર્મદેવાના ઘરમાં સ્વયં પ્રગટયા એમ જાણવું. એમ ઉદ્ધવજી અને શ્રીકૃષ્ણ પ્રકટયા ઈત્યાદિપદો લખીને વાસુદેવસુત શ્રીકૃષ્ણ જ ધર્મસૂત શ્રી હરિ રૂપે ફરીથી અવતર્યા એમ સમપ્રમાણ સુયુકિતથી સમર્થન કર્યુ છે. આ વાકયો વિચારીઓ તો ગાપાળાનંદસ્વામિ એવું પરસ્પર વિરૂદ્ધ બોલે જ નહિ. સંપ્રદાયના ધુરંધર વિદ્વાનો 'अन्योपि' 'कृतादिषु' 'नोद्धवोऽण्वापि' ઈત્યાદિ પ્રમાણોને લઈને શ્રીકૃષ્ણના બીજા અવતાર તરીકે શ્રીહરિને સમર્થે છે સ્વામિનારાયણ એ એક અવતાર છે એના સમર્થન માટે ઉપરના શ્લોકોને એ પ્રમાણ પણે ગ્રહણ કરે છે અને એવી જ સાંપ્રદાયિક શાસ્ત્રીય બલવંત પીઠિકા સ્થાપન કરી છે જે પોતે ગોપાલ(શ્રીકૃષ્ણ) ના આનંદવાળા છે તે સ.સ્વામિ ગોપાલને ઉતારી પાડવાનો ગંધ પણ જણાતો નહિ એ નિશ્ચિત વાત છે.

જે આવતારોનું મૂળ સ્થાન પરબ્રહ્મ પુરૂષોત્તમ હોવાથી તેમનું પર સ્થાન અક્ષરધામ છે. તેવા ધ્યેય મોક્ષપદ અવતારોને **''અક્ષરધામને કોઈ પામતો નથી''** એમ કહેવાય જ કેમ ? સ.જીવન પ્ર.૩ અધ્યાય ૪૧માં ગોલોકાર્ન્તવતિ પરાત્પર અક્ષરધામનું નિરૂપણ કરીને તેના અધિપતિ રાધાકૃષ્ણનું નિરૂપણ કરીને તેમના અવતારોની ઉપાસનાથી આ અધ્યાયમાં વર્ણવેલા પરાત્પર અક્ષરધામને પામે છે. એમ કહયું છે, જેની ઉપાસનાથી ઉપાસકોને

અક્ષરધામની પ્રાપ્તિને કહે છે. તે ઉપાસ્ય અવતારોને અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી એમ કહેવુ તે પરસ્પર વિરૂદ્ધ બકવાદ છે. આનું નામ જ આખનું કાજળ કપાળે ઘસ્યા જેવુ કહેવાય. અક્ષરધામ તો શ્રીકૃષ્ણનું છે. એ બાબતનું પ્રણેય માન્ય પુસ્તકમાં શ્રીમુખે પ્રતિપાદન કર્યુ છે એટલે અવા અપલાપ અને અન્યાય કરવાનો રહેતો નથી. આત્યંતિક કલ્યાણાતો રામકૃષ્ણાદિ અવતારોના ધ્યાન ઉપાસનથી મળે છે એવા અનેક વાકયો વચનામૃતમાં વિરાજે છે વાંચો " પ્ર.૭૮ પછી શ્રીજી મહારાજ બોલ્યા જે મચ્છ, કચ્છ, વરાહ, વામન, પરશુરામ અને રામકૃષ્ણદિક્ એજે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે" "જે ભગવાને રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે," "૫-૪ રામકૃષ્ણાદિ અવતાર તથા નારદ્ શુકાદિક સંત તેના દર્શને કરીને મનુષ્યને એમ નિશ્ચય થાય છે જે મારૂં કલ્યાણ થયુ ને હું કૃતાર્થ થયો છું " "મધ્ય-૩૧ અને જયારે ભગવાનના અવતાર જે રામકૃષ્ણાદિક તેની ઉપાસના કરે ત્યારે બ્રહ્મરૂપ થાય ને એની મૂકિત થાય. જેમણે અનંત જીવોનો ઉદ્ધાર (કલ્યાણ) કર્યો છે. અને જેમના દર્શન માત્રથી આત્યાંતિ કલ્યાણ અને કૃતાર્થતા મનાય છે, અને જેની ઊપાસનાથી બ્રહ્મરૂપ થઈને મૂકિત થાય છે એવા રામકૃષ્ણાદિક અવતારોનો ઉદ્ધાર થયો નહી અને બ્રહ્મરૂપ થઈને મૂકિત મળે નહિ એમ જલ્પવુ તે અત્યંત વિરૂદ્ધ છે, જેના ઉપાસનથી આશ્રિતોનું ઉદ્ધાર થાય અને બ્રહ્મરૂપ થવાય મૂકિત મળે, દર્શનમાત્રથી કલ્યાણ મળે, અને કૃતાર્થ થવાય એવા અવતારોનું ઉદ્ધાર થયો નથી બ્રહ્મરૂપ થયા નથી મુકિત થઈ નથી અક્ષરધામને પામ્યા નથી. એ બધી દુસ્કલ્પના આસુરી સંપતિને આભારી છે આ બંડાર્થનો શાસ્ત્રો સાથે લેશ સબંધ નથી પુરૂષોત્તમ આવે ત્યારે તેમની સાથે બીજા અવતારો ખોટ ટાળવા આવે એ જે લખ્યું છે. તે તદ્ન વિરૂદ્ધ છે. "પુરૂષોત્તમમાંથી અવતારો થાય છે અને પુરૂષોત્તમમાં લીન થાય છે." અવતાર ભાવ જુદો નહિ હોવાથી જવા આવવા પણુ અવતારોને કહેવાય જ કેમ ? વળી ઉપર જણાવ્યા પ્રમાણે અવતારોને કિંચિત્ પણ ખોટ ટાળવાની હોય જ કેમ? જેમ જીવોને કર્માદિ ખોટ ટાળવાની છે, તેમ અવતારોને ટાળવાની નથી. તે તો જ્ઞાન પૂર્ણ હોવાથી અજ્ઞાન પણ ટાળવાનું રહેતું નથી. તેમજ દિવ્ય મૂર્તિ તેમને કારણ શરીર પણ ટાળવાનું હોય નહી. આવો અન્યાય રામકૃષ્ણદિનરનારાયણ આદિકને અપાશે તો તો તુલ્ય ન્યાયે ઈષ્ટ દેવ શ્રી હરિને કેમ નહિ અપાય? કેમકે સંપ્રદાયના મુખ્ય માન્ય શાસ્ત્રો માં સ્વામિનારાયણને શ્રીકૃષ્ણ નરનાયણના અવતાર તરીકે શુદ્ધ શબ્દોમા પ્રતિપાદન કર્યા છે. ન્યાય આગળ પક્ષપાતને સ્થાન ન હોય ન્યાય તો સર્વને માટે સમાન હોય આ પણ અહિં વિચારવા જેવુ છે. જેમ

તેમ જાલ્મવત્ જલ્પવા જેવુ નથી “ઉપર અમદાવાદ વાળાની વાત અવતાર ઘાતકી થઈ. હવે ભુજવાળાની વાત કરીએ પાન ૬૫૨-૫૩ સંવત ૧૯૨૩ નો એક ઈતિહાસ છે ભૂજમાં શ્રીજી મહારાજે પધરાવેલા નરનારાયણ દેવની સમીપમાં આયોધ્યાપ્રસાદજીએ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરી .... તેમા રાજ તરફથી ઉપાધી થઈ તેની શાંતિ (નરનારયણ કરી) તે વખતે નરનારાયણની બંન્ને મૂર્તિઓએ સિંહાસનથી નીચે ઉતરી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રાર્થના કરી મહારાજ આપની આજ્ઞા હોય તો આ ઉપાધીનું નિવારણ કરી નાખીએ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ એ સંમતિ આપી. તરત જ નરનારાયણદેવ બહાર ગયા અને ચમત્કાર બતાવી મંદિરમાં પાછા આવી પોતાના સ્થાને બીરાજયા. સ.ગુ.સ્વામી અચ્યુતદાસજીએ આ વાત નિરવરણ પણે સંભાળી... આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે શ્રી નરનારાયણદેવ શ્રી લક્ષ્મીનારાયણ દેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આવિર્ભાવો છે પરંતુ પોતે તો “સહુને પાર સહુ ઉપરે રે તથા જોવા રાખી નહિ જોડ” એવા સર્વોપરી સર્વ અવિર્ભાવોના કારણ આવતારી છે. (એવો વાતનો ભાવાર્થ કાઢયો છે.) આ વાત અચ્યુતમદાસજીએ નામે અડાવી છે તે સાવ બનાવટી છે એવી વાત કોઈવૃદ્ધ ત્યાગી સત્સંગીઓની જાણમા નથી તેમ કોઈ પુસ્તકમાં પણ ઉપલબ્ધ નથી એવી વાત બનવાનો પ્રસંગ પણ નથી. આ વાત તો નરનારાયણ ને સ્વામિનારાયણ થકી અત્યંત જુદા ઠરાવીને તેમને ઉતારી પાડવા જોડી કાઢી છે શું હરિકૃષ્ણજી પોતે ઉપાધી નિવારવા માટે અશકત હતા કે જેથી નરનારાયણને ઉપાધી શમાવવાની સંમતિ આપે એ કાર્ય તો સંકલ્પ માત્રથી જ નરનારાયણન જ કરી શકે તેમ હતુ આવો એમના વચ્ચે સંવાદ ગોઠવ્યો છે. તે હાસ્યાસ્પદ છે શું તેઓ પરસ્પર એવી વાતો કરીને ઉચનિચ ભાવને જણાવે છે ? નરનારાયણને હરિકૃષ્ણની પ્રાર્થના કરવી પડે અને આજ્ઞા માંગવી પડે અને હરિકૃષ્ણ તેમને સંમતિ આપે એ કેવી કલ્પિત વાત છે ? સ્વામિનારાયણે તો નરનારાયણને પોતાના પૂર્વ રૂપ કૃષ્ણ જાણીને પધરાવ્યા છે. તેમના વચ્ચે એવો આત્યાંતિક ભેદ પાડવો તે નરનારાયણની અવગણના તુલ્ય છે, એવી વાત અચ્યુતદાસજી કરે એ પણ સંભવતુ નથી નરનારાયણ હરિકૃષ્ણ તો તત્વથી અભિન્ન હોયને નરનારાયણને સર્વોપરિ અવતારી અક્ષરધામી પરાત્પર પણે સત્સંગિ જીવનમ્માં પ્રતિપાદન કર્યા છે. જયારે અમદાવાદમાં શ્રીજીએ નરનારાયણની પ્રથમ પ્રાણપ્રતિષ્ઠા કરી ત્યારે મહાસભામાં આ રીતે વચનામૃત બોલ્યા છે તે વાંચો સ.પ્ર-૪ અધ્યાય ૨૫ શ્લોક ૮૨ થી ગોલોકમાં અક્ષરધામના તેજો મંડળના મધ્યમાં જે શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ આપણા ઈષ્ટદેવ બિરાજે છે તે જ પોતે ભૂતળ ઉપર સર્વ ભૂતોના શ્રેય માટે ધર્મ પ્રજાપતિ

અને તેમની મૂર્તિનામની પત્નીએ અતિ દ્રઢ ભકિત પૂર્વક ધ્યાન કરતાં તેમની ઉપર પ્રસન્ન થઈને તેમના અંગ થકી પ્રાદુર્ભાવ પામતા તો નરનારાયણ એવા બન્ને રૂપ ધારીને વર્ણીવેષ રમણીય વિરાજે છે. તે ધર્મ મૂર્તિને વાંછિત વરદાનથી સંતોષ પમાડીને પછી નરોના કલ્યાણ માટે નરનારાયણ ભગવાન બદરીવનમાં પધાર્યા. તપશ્ચર્યાને કરતા તે નરનારાયણને પ્રતિમારૂપે હાલમાં આ મંદિરમાં પધરાવ્યા છે. એમને વિષે અનન્ય ભકિત કરવાથી સર્વજનોનું શ્રેય થશે ઈત્યાદિ આ જોતા નરનારયણ સામાન્ય નહિ પણ પરંબ્રહ્મ પરમાત્મા અક્ષરધામી શ્રીકૃષ્ણજ ઈષ્ટદેવ છે. એમના વચ્ચે તત્વ થી જરા જેટલો પણ ભેદ વસ્તુતાએ નથી છતાં ભેદ પાડવાએ આખી વાત જોડી કાઢી છે. તે કોઈ રીતે સંગત નથી નરનારાયણના અવતાાર હરિકૃષ્ણ છે એતો શાસ્ત્રોકત ઉપોદ્ઘાટથી જાણી શકાય છે. આ દ્પર પાના ઉપર ગોઠવેલી વાતને ભુજ દેશના ત્યાગી સત્સંગિઓ સાચી માનતા હોય તો ભારે ભુલ થાય છે કેમ કે સંપ્રદાયના ત્રણેય પુસ્તકોની પ્રામાણિક માન્યતાને ધોકો પહોચે છે નિત્ય દર્શનીય સેવનીય સ્પર્શનીય નરનારાયણદેવની અવગણના કરવામાં આવે તે કોઈ રીતે સહ્ય નથી. આવી અશાસ્ત્રીય વાત કરવાથી શ્રીજીનો મહિમાં કાંઈ અધિક આવી જતો નથી. ઉલટો મહિમા ઓછો થાય છે. એક તરફ શ્રીજીને અવિર્ભાવો કહે છે અને બીજી તરફથી તેમના વચ્ચે દુર્ભેદ પાડે છે.

એક વાત કહેવાની રહી જાય છે કહયા વિના ચાલે જનહિ એવી અત્યંત આવશકય છે. એક તરફથી આવતારોને પ્રથમ જ સ્વકીય પણ કહે છે. અને બીજી તરફથી તેમને સ્વામિનારાયનું જ્ઞાન ઉપાસન સાધ્યા બાદ અક્ષરધામની પ્રાપ્તી કહે છે એમ કરીને નિચે

સાતમે અઠમે નિચે પદે મારી ટીપીને ઘકાવી પાડે છે કેવુ સ્વકીયત્વ કહેવાય. અવતાર અવતારી વચ્ચે ‘સ્વયમેવ સ:’એવો સાક્ષાત સંબધ પ્રતિપાદે છે. તે ખરા સંબંધને તોડી નાંખીને બહુ દુર સંબંધ કહે છે તે સમન્વિત નથી આત્મને દેહ સાથેનો સંબંધ તે અતિ નજીક છે અપ્રસિદ્ધ છે સ્ત્રિપુત્રાદિ સાથેનો જે સંબધ છે તે જરા દૂર ઓરો પૃથકસિદ્ધ છે અને ધનધાનાદિ સાથેનો જે સંબંધ છે તે બહુ દુરનો પૃથક્સિદ્ધ છે. એમ અવા અવતારી પરમાત્માનો સબંધ બહુદૂરનો અતિ પૃથક્ થાય છે શાસ્ત્રોમાં પરમાત્માની સાથેનો સંબંધ મુકતોને બહુ નિકટનો કહ્યો છે આ સંબંધ પણ અવતારોને માટેનો તોડી નાખ્યો છે અને પાંચ પ્રકારના મુકતો કરતા પણ તેમનો સબંધ બહુ દુર કરી દીધો છે આ બધુ વિચારીએ તો આ પ્રાદુર્ભાવો પરિપન્થિ મહાન્ પાપીયાન્ પંથા ઠરે છે “નાસ્તિ નષ્ટે વિચાર:” એના જેવું

જ છે આથી તો સ્વકીય પણું ન કહયુ હોત તો સારૂં અત્યંત અળખામણું સ્વકીયત્વતો અર્થ વિનાનું હુલામણા જેવુ છે.

બીજુ છો હેતુઓ અવતાર ધારણના કહયા છે તે પણ સામૂચિત નથી. અવતારોનો હેતુ તો 'સંભવામ્યાત્મમાયયા'એ ગીતાના પદથી આત્મેચ્છા સંકલ્પ પર્યાય કહ્યો છે એટલું ભગવાનને જન્મ ધારવાનો હેતુ આપણી પેઠે કર્માદિ નથી. પરંતુ પોતાની ઈચ્છા એજ હેતુ છે. એ હેતુ નહિ જણાવીને બીજા છો હેતુઓ ઉપસ્થિત કર્યા છે તે અવળા છે. એ તો પ્રયોજન કહેવાય, 'પરિત્રાણાય સાધૂનાં' એ શ્લોકથી કહ્યું છે એ એમ પ્રયોજન કહેવાય આ તો અવળુ છે. શ્રીકૃષ્ણે પોતાના પ્રાદુર્ભાવ માટે જે શ્લોકો ગીતા મુખથી ઉચ્ચાર્યા છે તે શ્લોકોને પ્રમાણે તરીકે લઈને સ્વામિનારાયણના જન્મનું સત્યત્વ અવતારનો પ્રકાર, દેહનું યથાત્મ્ય જન્મનો હેતુ, જન્મકાળ, જન્મ પ્રયોજન, જન્મકર્મની દિવ્યતા વિગેરે જ્ઞાતવ્ય અર્થો સમર્થવામાં એજ શ્રી કૃષ્ણને સાવ નીચે ઉતારી પાડવાની શિશુપાલી આસુરી પ્રવૃત્તિ કરે છે તે અત્યંત અયોગ્ય છે. "જેનુ ખાવુ તેનું ખોદવુ" એ કહેવત જેવુ છે અવતારવાદ હિતા સમયથી પ્રચુરપ્રચારમા આવ્યો છે સર્વકોઈ યદા યદા હી ધર્મસ્ય ઈત્યાદિ ગીતા શ્લોકોને ઉદ્ઘોષથી ભણે છે. ભગવાન સ્વામિનારાયણ અને તેમના અનાદિ સિદ્ધ મહામુકતોએ તો શ્રીકૃષ્ણને માટે જે જે કહયુ છે તેને દ્રષ્ટાંત તરીકે લઈને પોતામાં ઘટાવ્યુ છે દ્રષ્ટાંતમાં જે અર્થ ન હોય તે દ્રષ્ટાંતિત (સિદ્ધાંત) માં ઘટાવાય છે. સંપ્રદાયના મુખ્ય ગ્રન્થ વાંચો તો જણાશે કે ગીતા ભાગવતાદિ શાસ્ત્રોના સાક્ષાત વચનો કે તેમા અર્થો ભર્યા છે. એટલે સ્વામિનારાયણ અને તેમના મુકતોએ જે જે સાધ્યુ છે તે સપ્રમાણ થાય છે.

પ્રસંગે આ વાત પણ નિવેદનીય છે બોરસદ કોર્ટમાં ચાલેલા કેસમાં વાદી(આચાર્ય) અને પ્રતિવાદી(બોચાસણવાળા) એ આપેલા શાસ્ત્રીય પુરાવાઓને અને સાક્ષીઓનો અનુસાધનથી શ્રીકૃષ્ણ શ્રીહરિ માટે જે ચુકાદો અભિન્ન તત્વપણાનો આપ્યો છે તે નીચે મુજબ છે "શ્રીકૃષ્ણનો અવતાર સર્વ અવતારોમાં મોટો છે અને તે અવતારોના અવતારી છે અને પોતે જ પુરૂષોત્તમ નારાયણ છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ નારાયણ સર્વોપરિ અને અવતારના અવતારી હતા અને શ્રીજી મહારાજ બીજા કોઈ નહી પણ શ્રીકૃષ્ણ જ હોવાથી એ પણ પુરૂષોત્તમ નારાયણ સર્વોપરિને અવતારના અવતારી હતા." શ્રીકૃષ્ણને સંપ્રદાયમાંથી ખસેડી મુકવા કોઈપણ માણસ પ્રયત્ન કરે અથવા શ્રીકૃષ્ણની જગ્યાએ બીજાને દાખલ કરે અથવા શ્રીજી મહારાજ શ્રીકૃષ્ણથી જુદા છે અને ઉચીં કોટીના છે એમ કહે તો તે દેહમાંથી

આત્માને કાઢી લે છે અને ખરૂ જોતા આખાં સંપ્રદાયને ભાંગી નાખે છે મારી ધારણા પ્રમાણે મતભેદો અને તફાવતો એટલા બધા મોટા જણાય છે કે કોઈ પક્ષ તેમના પંથો એક જ છે એમ પ્રમાણિક પણે કહી શકે નહિ સંપ્રદાયના કોઈપણ પુસ્તકમાં શ્રીકૃષ્ણને ઉતારી પાડવામાં આવ્યા નથી અથવા હલકા સ્થાને મુકવામાં આવ્યા નથી એમ ચોકકસ કહી શકાય.

લી.